અપીલ અરજી નં.૩૫૮ તા.૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા વાણીયા શેરી નોંધ નં.૭/૨૭૦૭ તથા સૈયદપુરા વાવશેરી નોંધ નં.૭/૨૯૩૨ મિલકતના આર.સી.સી. સ્લેબ,બીમ,પ્લીન્થ સહિતનું નવું બાંધકામ ચાલતું હોય જેના બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૮/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા વાણીયા શેરી નોંધ નં.૭ / ૨૭૦૭ તથા સૈયદપુરા વાવશેરી નોંધ નં.૭ / ૨૯૩૨ મિલકતના આર.સી.સી. સ્લેબ, બીમ, પ્લીન્થ સહિતનું નવું બાંધકામ ચાલતું હોય જેના બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૪) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે દફતરી હકીકત નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૦ તા.૮–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ બાદ કોઈ માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ મુદ્દાવાર રજુ કરવા તથા સાથે એ પણ સૂચિત કરવા કે તેઓને આરટીઆઈ કાયદા હેઠળ માંગેલ માહિતી મેળવવામાં રસ છે કે સુનાવણીમાં? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૫૨૨ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭૪ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૭ તા.૧૫–૧૧–૧૧ થી અરજદારને આપેલી દસ્તાવેજ માહિતી આપ્યા અંગેની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી સૈયદપુરા વાણિયાશેરી નોંધ નં.૭/૨૭૦૭ અને વાવશેરી નોંધ નં.૭ / ૨૯૩૨ના મિલ્કતના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન અને ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અત્રેથી પાઠવેલ પત્ર સંદર્ભે અરજદારે સદર પત્રમાં જ અરજદારે અમોને માહિતી મેળવવામાં રસ હોય પરંતુ એક તરફી રજૂઆત સાંભળ્યા વગર હુકમના નિકાલ ની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અત્રેથી પત્ર પાઠવી પોતાની રજૂઆત કરવાની પૂરતી અને વાજબી તક આપવામાં આવેલ છે જેમાં અરજદાર તેની રજૂઆત કરી શકે છે તેથી એક તરફથી રજૂઆતનો પ્રશ્ન નથી. વધુમાં જાહેર માહિતી પક્ષે પણ તેવી રજૂઆત પૂરક વિગતોમાં તેમનો પક્ષ રજૂ કરે છે તો બીજા પક્ષકાર અરજદાર પણ તેનો પક્ષ રજૂ કરી શકે છે. આમ અપીલમાં બંને પક્ષકારોને સમાન તક અપાયેલ છે. આથી આરટીઆઈ એકટ કે અન્ય કોઈ કાયદાનો ભંગ થતો નથી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭૪ તા.૨૪–૧૦–૧૧ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) સૈયદપુરા વાણીયા શેરી નોંધ નં.૭ / ૨૭૦૭ તથા સૈયદપુરા વાવશેરી નોંધ નં.૭ / ૨૯૩૨ મિલકતના આર.સી.સી. સ્લેબ, બીમ, પ્લીન્થ સહિતનું નવું બાંધકામ ચાલતું હોય જેના બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૭/૨૭૦૭ અંગેની મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ નથી. તેમજ ૭/૨૯૩૨ ની મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલના રૂા.૨/– ભર્યેથી મળી

શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૨૩૦૧ તા.૪–૧૧–૧૧ ના રોજ રૂા.૨/– ભરપાઈ કરેલ જે સેન્ટ્રલઝોન ધ્વારા સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૭ તા.૧૫–૧૧–૧૧ થી અરજદારને રજાચિઠ્ઠીની નકલ આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) સદર બંને મિલ્કતોને સાથે જોડવામાં આવેલ મંજુરી અંગેના ડોકયુમેન્ટની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) રોડ માર્જીન અંગેની પાર્ટ પ્લાનની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રોડ માર્જીન અંગે મંજુર પ્લાનની નકલના રૂા.૪૦૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સદર મિલ્કતઓને બાંધકામ કેટલા માળ સુધીની આપવામાં આવેલ હોય મંજુર કરવામાં આવેલ હોય જેની સંખ્યાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭/૨૯૩૨ ના મંજુર પ્લાન મુજબ ગ્રા. ફલોર પાર્કીગ તથા પ્રથમ બીજો તથા ત્રીજો માળ રહેઠાણ તરીકે મંજુર કરવામાં આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર